# કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી,નવસારી

મેજીસ્ટ્રેટ શાખા, જિલ્લા સેવા સદન,૧લો માળ,કાલીયાવાડી,નવસારી
ફો.ન.૦૨૬૩૭–૨૪૮૦૯૯, ફેક્સ– ૨૮૧૫૪૦,  ઈમેઈલ– collector-nav@gujarat.gov.in

નં.ડીસીબી/એમએજી/કોરોના/જા.નામુ/વશી. ૪૮૦૮ થી ૪૮૫૦ /૨૦૨૦ તા.૨૨/૦૪/૨૦૨૦

**ધ નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ–૨૬(૨),૩૦ તથા કલમ–૩૪ તેમજ ધી એપેડેમિક ડીસીઝ એકટ ૧૮૯૭ની કલમ–૨ હેઠળનું જાહેરનામુ ::–**

વંચાણે લીધાં:–

(૧) ધ એપેડેમીક ડીસીઝ એકટ –૧૮૯૭
(૨) ધી ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ,૨૦૦૫
(૩) ભારત સરકાર, ગૃહ મંત્રાલયના હુકમ નંબર–૪૦–૩/૨૦૨૦/ડીએમ–આઈ–(એ) તા.૧૫/૦૪/૨૦૨૦
(૪) ગુજરાત સરકારના ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાંક:જીજી/૨૩/૨૦૨૦/વિ–૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૧૪/૦૪/૨૦૨૦

**–: જાહેરનામું :–**

સમગ્ર ગુજરાત રાજય તેમજ ભારતમાં નોવેલ કોરોના વાયરસ (COVID-19) ફેલાયેલ છે કે જેને WHO દ્રારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી તથા ગુજરાત સરકારશ્રી ધ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસ (COVID-19) ફેલાવો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના સંદર્ભ–(૩)થી સમગ્ર દેશમાં તા૦૩/૦૫/૨૦૨૦ સુધી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ મોકુફ રાખવા વિગતવાર માર્ગદર્શિકા જાહેર કરી લોક ડાઉન લંબાવવા જરૂરી સુચના આપવામાં આવેલ છે. **નવસારી જિલ્લાના અંબાડા ગામ તા.નવસારી ગ્રામ્યમાં (COVID-19) નો પોઝીટીવ કેસ પ્રકાશમાં આવેલ છે.** આ વાયરસના ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલારૂપે લોકોની અવર–જવર પર પ્રતિબંધ ફરમાવવાની જરૂરીયાત જણાય છે.

તેથી હું, આર્દ્રા અગ્રવાલ (આઈ.એ.એસ.) જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી, ધ નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ–૨૦૦૫ની કલમ–૨૬(૨),૩૦ તથા કલમ–૩૪ તેમજ ધી એપેડેમિક ડીસીઝ એકટ ૧૮૯૭ની કલમ–૨ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવુ છું કે,

**–: હુકમ :–**

(૧) નીચે જણાવેલ વિસ્તારને **(COVID-19) Containment Area** તરીકે જાહેર કરવામાં આવે છે.

| કવોરન્ટાઈન એરિયા :– | |
|---|---|
| (મોજે અંબાડા તા.નવસારી(ગ્રામ્ય) જી.નવસારીના બ્લોક નં.૫૧૩નો સમગ્ર સી.એચ.સી. વિસ્તાર તથા રહેણાંક ડૉકટર કવાર્ટસ વિસ્તાર)<br>ઉત્તર :– મોજે અંબાડાના બ્લોક નં.૫૩૬ અને ૫૩૭ (ગોવિંદ કેશવ અને ઉકી હરીના ખેતર) ની બાઉન્ડ્રી થી શરૂ<br>દક્ષિણ :– નવસારી મહુવા રોડ સુધી<br>પૂર્વ :– મોજે અંબાડાના બ્લોક નં.૧૦૫(સુરેશભાઈ દલપતભાઈ પટેલના ખેતર)ની બાઉન્ડ્રીથી શરૂ<br>પશ્ચિમ :– મોજે અંબાડાના બ્લોક નં.૫૧૪(ગોવિંદ કેશવના ખેતર) ની હદ સુધી | આ વિસ્તાર ચારે બાજુથી સીલ કરી તેમાંથી બહાર કે અંદરની અવર–જવર પ્રતિબંધિત કરવામાં આવે છે. |

Scanned with CamScanner

| કન્ટેઈનમેન્ટ એરીયા | |
|---|---|
| અંબાડા ગામ, તા.નવસારી (ગ્રામ્ય) જી.નવસારી | આ વિસ્તારમાં હેરફેર પ્રતિબંધિત કરવામાં આવેલ છે. આ વિસ્તારના તમામ લોકોને દુધ–શાકભાજી– કિરાણા જેવી જીવન જરૂરીયાત ચીજવસ્તુઓ સવારે ૧૦ થી ૧૨ વાગ્યા સુધીમાં મેળવી લેવાની રહેશે. ત્યાર બાદ લોકો ઘરેથી બહાર નીકળી શકશે નહી. |

ઉપરોકત **(COVID-19)** કવોરન્ટાઈન એરિયા તરીકે જાહેર કરવામાં આવેલ વિસ્તારમાં તમામ પ્રકારની અવર–જવર પર પ્રતિબંધ મુકવામાં આવે છે. આ વિસ્તારના રહેવાસીઓને રાશન વિગેરે આવશ્યક ચીજવસ્તુઓ તંત્ર ધ્વારા હોમ ડીલીવરીથી તેમના ઘરે પુરી પાડવામાં આવશે.

**–: સમયગાળો :–**

**આ જાહેરનામું આજ તા.૨૨/૦૪/૨૦૨૦ થી તા.૦૩/૦૫/૨૦૨૦(બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.**

**–: શિક્ષા :–**

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ તથા નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ–૫૧ થી ૫૮ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે. નવસારી જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકશ્રી થી હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

**–: અપવાદ :–**

આ હુકમ સરકારી ફરજ–કામગીરી ઉપરના હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધ–સરકારી એજન્સી, સરકારી / પ્રાયવેટ દવાખાનાના સ્ટાફ તથા ઈમરજન્સી સેવા સાથે સંકળાયેલ વ્યકિત કે જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેઓને તથા ભારત સરકારના ગૃહ મંત્રાલયના હુકમ નંબર–૪૦–૩/૨૦૨૦/ડીએમ–આઈ–(એ) તા.૨૪/૦૩/૨૦૨૦, તા.૨૫/૦૩/૨૦૨૦, તા.૨૭/૦૩/૨૦૨૦, તા.૨૯/૦૩/૨૦૨૦, તા.૦૨/૦૪/૨૦૨૦, તા.૦૩/૦૪/૨૦૨૦ તથા તા.૧૫/૦૪/૨૦૨૦ના હુકમથી જાહેર કરવામાં આવેલ આવશ્યક સેવાઓ કે જે માટે અધિકૃત અધિકારી દ્વારા પાસ ઈસ્યુ કરવામાં આવેલ છે તેવા વ્યકિતઓને આ હુકમ લાગુ પડશે નહી.

**–: જાહેર વિજ્ઞપ્તિ :–**

આ હુકમની બજવણી કરવી વ્યકિતગત રીતે શકય ન હોય એકતરફી હુકમ કરવામાં આવે છે તથા આ હુકમની જાહેરાત વર્તમાનપત્રોમાં, અખબારી યાદી રૂપે આપી તથા રેડીયો ટેલિવિઝન, કેબલ ટી.વી.નેટવર્ક તથા લોકો એકત્રીત થતાં હોય તેવી કચેરીઓમાં નોટીસ બોર્ડ ઉપર ચોંટાડીને તથા રાજય સરકારના ગેઝેટમાં પ્રસિધ્ધ કરીને કરવાની રહેશે.

આજરોજ તા.૨૨/૦૪/૨૦૨૦ના રોજ મારી સહી અને મુદ્રા કરી આપી.

રવાના કર્યુ

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
નવસારી

DISTRICT MAGISTRATE
જિલ્લા મેજીસ્ટ્રેટ
નવસારી
NAVSARI

સહી/–×××
આર્દ્રા અગ્રવાલ
જિલ્લા મેજીસ્ટ્રેટ,નવસારી

પ્રતિ,
મેનેજરશ્રી, સરકારી પ્રેસ વડોદરા.

૨/– ઉકત જાહેરનામાની ૨(બે) નકલો આ સહ સામેલ છે. જેને અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી ૫ નકલો અત્રેની રેકર્ડ શાખાને મળે તે રીતે મોકલી આપવા વિનંતી સહ.

Scanned with CamScanner

<u>નકલ સવિનય રવાના:—</u>

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) સચિવશ્રી, આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૩) કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ, ગુજરાત સરકાર, જુના સચિવાલય, ગાંધીનગર.
(૪) પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, નવસારી
(૫) ચીફ જયુડિશીયલ મેજીસ્ટ્રેટશ્રી, નવસારી.

<u>નકલ જયભારત સહ રવાના:—</u>

(૧) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, નવસારી.
(૨) જયુડીશિયલ મેજીસ્ટ્રેટશ્રી(ફ.ક.) નવસારી / જલાલપોર / ગણદેવી / ચીખલી / વાંસદા
(૩) પોલીસ અધિક્ષકશ્રી, નવસારી.
આપની કચેરીનાં નોટીસ બોર્ડ ઉપર તથા તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરાવી તે અંગેના રોજકામની નકલો આપના દફતરે રાખવા સારૂં.
(૪) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી,નવસારી.
(૫) સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, નવસારી/ચીખલી/વાંસદા.
(૬) જિલ્લા પુરવઠા અધિકારીશ્રી,નવસારી
(૭) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,નવસારી
(૮) આયોજન સહ તાલુકા વિકાસ અધિકારીશ્રી, ચીખલી/વાંસદા
(૯) મામલતદારશ્રી, નવસારી(શહેર/ગ્રામ્ય)/જલાલપોર/ગણદેવી/ચીખલી/વાંસદા/ખેરગામ.
(૧૦) તાલુકા વિકાસ અધિકારીશ્રી,નવસારી/જલાલપોર/ગણદેવી/ખેરગામ
(૧૧) સહાયક માહિતી નિયામકશ્રી, નવસારી.
સ્થાનિક વર્તમાનપત્રોમાં સમાચાર રૂપે બહોળી પ્રસિધ્ધિ અપાવવા સારૂં.
(૧૨) જિલ્લા સરકારી વકીલશ્રી,નવસારી
(૧૩) ચીફ ઓફિસરશ્રી,નવસારી/જલાલપોર/ગણદેવી/બીલીમોરા
(૧૪) નાયબ મામલતદારશ્રી, રેકર્ડ શાખા, નવસારી.
ઉકત જાહેરનામાની ગેઝેટની નકલ આપની શાખામાં મળ્યેથી તાત્કાલીક મેજીસ્ટ્રેટ દફતરે પહોંચતી કરવા સારૂં.
(૧૫) તલાટીશ્રી ગ્રામ પંચાયત અંબાડા તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂં.

Scanned with CamScanner